જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૩/૨૦૨૨ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૩૯૬/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૮/૦૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૨૯ | ૦ | ૧૨૯ | ૪૦૩ | ૦ | ૪૦૩ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૨ | ૦ | ૮૫૦૪૨ |
| કુલ | | ૧૦૦૬૮૨ | ૦ | ૧૦૦૬૮૨ | ૧૦૯૫૭૯ | ૦ | ૧૦૯૫૭૯ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૪૪ | ૪,૯૯,૫૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૨૦ | ૧,૨૦,૦૦૦/- |

# પાસા અટકાયતની વિગત

## મેઘાણીનગર પોલીસ સ્ટેશનઃ-

### શરીર સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સિનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર પો.સ્ટે વિસ્તારમાં મારામારી તથા રાયોટીંગના ગુનામાં પકડાયેલ આરોપી નામે અજય ઉર્ફે અજ્જુ રાજુભાઈ જાતે ઠાકોર ઉ.વ.૨૪ રહે.ધી વાળી ચાલી, મોહનવકીલની ચાલીની સામે, ચમનપુરા, મેઘાણીનગર, અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતેના ઈ-ગુજકોપ સોફ્ટવેરમાં સર્ચ કરતા સદરી આરોપી વિરુધ્ધમાં નં.(૧) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૧૨૦૨૧૧૫/૨૦ ઈ.પી.કો. કલમ ૩૨૪, ૩૨૩, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૧૦૯૭૮/૨૧ ઈ.પી.કો. કલમ ૧૨૦(બી), ૧૪૩, ૧૪૪, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૪૨૭, ૧૮૮, તથા એપેડમીક ડિસીઝ એક્ટની કલમ ૩ તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ ૨૦૦૫ની કલમ ૫૧(બી) તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા નં.(૩) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૨૦૦૫૧/૨૨ ઈ.પી.કો. કલમ ૩૨૪, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમઃ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૨૦૯/૨૦૨૨ તા.૨૮/૦૨/૨૦૨૨ થી પાસા અટકાયત તરીકે "ખાસ જેલ-પાલારા ભુજ" ખાતે રાખવા હુકમ કરેલ હોય સદરી પાસા અટકાયતી ઈસમને આજરોજ તા.૨૮/૦૨/૨૦૨૨ ના કલાક ૨૧/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "ખાસ જેલ-પાલારા ભુજ" ખાતે મોકલી આપેલ છે.

**કામગીરી કરનાર અધિકારી/કર્મચારી**

(૧) પો.સ.ઈ આર.ડી.જાડેજા

(૨) હે.કો બટુકભાઈ માતમભાઈ બ.નં.૯૭૦૭

(૩) હે.કો નવનીતકુમાર હસમુખલાલ બ.નં.૯૮૨૬

(૪) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૯૭/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૧૦૦ લીટર દેશી દારૂ, ૦૫ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૦,૨૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૯૮/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૯૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ હેઠળ ૩૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૩૯૯/૨૦૨૨**

**વસ્ત્રાપુરઃ** વિશાલ ચંપકલાલ નાગર (ઉ.વ.૨૭) (રહે. શ્રીનાથનગર સોસાયટી કર્મચારી પાસે ઘાટલોડીયા) એ તા.૨૮/૦૨/૨૦૨૨ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે માર્ચ/૨૦૧૯ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી હર્ષીલ ઘનશ્યામભાઇ પટેલ (રહે. સુંદરવન એપાર્ટમેન્ટ સોલા રોડ) એ ગુરૂકુળ રોડ ડ્રાઇવ ઇન રોડ પંજાબ હોન્ડા શોરૂમ સામે મારુતિ સેન્ટર એલએલ.૧૯ ખાતે ઉડાન હોલી ડે નામથી ઓફીસ ખોલી કેનેડાના વર્ક પરમીટ વિઝા લાવી આપવાનુ જણાવી વિશાલ નાગરને વિશ્વાસ આપી વિશાલ નાગર પાસેથી રૂપિયા ૨,૦૦,૦૦૦/- તેમજ અન્ય સાહેદો પાસેથી મળી કુલ રૂપિયા ૧૫,૦૦,૦૦૦/- મેળવી લઈ કેનેડાના વર્ક પરમીટ વિઝા લાવી નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એચ.રાવલ ચલાવે છે.

**ચાંદખેડાઃ** દિલીપભાઇ ભીખાભાઇ આનંદ (ઉ.વ.૪૧) (રહે. સહજ પ્લેટીનમ શિવશક્તિ સ્કુલ પાસે ચાંદખેડા) એ તા.૨૮/૦૨/૨૦૨૨ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૧/૨૦૨૨ ના રોજ આરોપી (૧) હરેન્દ્રસિંહ મેર (રહે. સેક્ટર-૮ ગાંધીનગર) અને (૨) આસિફભાઇ પટેલ (રહે.સેક્ટર-૩/સી ગાંધીનગર) ઓફીસ નં.સી/૧૧ સહજ પ્લેટીનમ-૧ આઇ.ઓ.સી. રોડ ચાંદખેડા ખાતેથી હ્યુન્ડાઇ સેન્ટ્રો કાર નંબર જીજે ૦૧ એચઝેડ ૨૯૮૦ કિમત રૂપિયા ૬,૦૦,૦૦૦/- દિન-૬ માટે ભાડે લઇ જઈ આજદીન સુધી ગાડી પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.વી.ચૌધરી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૪૦૦/૨૦૨૨**

**ગુજરાત યુનિવર્સિટીઃ** નિલેશભાઈ મહેન્દ્રભાઈ લંગાળીયા (રહે. આત્મજ્યોતિ એપાર્ટમેન્ટ કોટક મહિન્દ્રા બેન્ક સામે ઇસ્કોન હાઉસની બાજુમાં ગુલબાઈ ટેકરા નવરંગપુરા) એ તા.૨૮/૦૨/૨૦૨૨ ના રોજ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે નિલેશભાઈ લંગાળીયા છેલ્લા એક મહીનાથી મનોજ ઉર્ફે મુકેશ શેરસિંઘ યાદવ (મુળ વતન.ગામ.માજરા કાલન, તા.જી.મહેન્દ્રગઢ, હરિયાણા) ને ગાડી ચલાવવા ડ્રાયવર તરીકે ફોન કરી અવાર નવાર બોલાવતા હતા. નિલેશભાઈ લંગાળીયાને બહારગામ જવાનુ હોઈ મનોજ યાદવને બોલાવતા તા.૨૪/૦૨/૨૦૨૨ સવારના ૬/૦૦ વાગ્યાના સુમારે ગાડી સાફ કરવાનુ કહી ગાડીની ચાવી લેવા આવેલ ત્યારે ચાંદીની મુર્તી ભરેલ બેગ ગાડીમાં મુકવા આપી હતી, જે મુર્તિવાળી બેગ ચોરી કરી લઈ નાસી ગયો હતો. જે બેગમાં ચાંદીની મુર્તિઓ કિમત રૂપિયા ૫,૦૦,૦૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ હે.કો.શ્રી સુરેશભાઇ ગાભાભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૪૦૧/૨૦૨૨**

**વાડજઃ** અરવિંદભાઇ ઉર્ફે પકો ચીમનલાલ લેઉવા (ઉ.વ.૫૦) (રહે. મેલડીમાતાની ચાલી ત્રીસ ઓરડી રામાપીરનો ટેકરો નવા વાડજ) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૨/૨૦૨૨ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે સીમેન્ટના પતરા નીચે લગાવેલ લોખંડની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેશદાન પ્રવિણદાન ચલાવે છે.

**દાણીલીમડાઃ** પ્રિયંકાબહેન હમીરભાઈ પરમાર (ઉ.વ.૨૬) (રહે.દુધવાળી ચાલી વિકાસમંડળ બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૨/૨૦૨૨ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી “કે” ડીવીઝન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.